ગાંધીનગર સમાચાર



## સલામી સવારની..



સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*કોણ જાણે ક્યાંથી આવે છે રૂપિયો ને ક્યાં જાય છે !*
*કરોડોનાં બજેટ જોઈ, મતિ બ્હેર મારી જાય છે !*
*બતાવી જાય છે ઠેંગો આખરમાં પગાર પણ -*
*સપનામાં વિકાસને માગણાંમાં નાણાં જાય છે !!*

હાઈકુ

*ખાઈ ખાઈ ને*
*ન્યાયાધિશ ઠપકા-*
*થયો અપચો !*
*(તંત્ર દોડતું રહે છે)*

*ખપે છે સૌને*
*સાચો સેવક નહીં-*
*'મારો માણસ'*
*(ઉપરથી ચલી આતી હૈ)*

### ચિંતન

**રામ રતન ધન પાય કે ગાંઠો બાંધ ન ખોલ ।**
**નહીં પાર, નહીં પાર ભી, નહીં ગ્રાહક નહીં મોલ ॥**

કબીરજી કહે છે આજના ઠગ સાધુઓ થોડીઘણી તપસ્યાની નાની મોટી સિદ્ધિ પ્રાપ્ત કરી લે છે કે મેલી વિદ્યા દ્વારા લોકોનાં માનસપટ પર છવાઈ જાય છે અને પૈસા કમાઈ ભોગ-વિલાસ માણે છે. આવી ભક્તિ, તપ-સાધના એક વ્યાપારિક લેતી-દેતીનું સાધન થઈ જાય છે.

સાચો સિદ્ધ પુરુષ ઈશ્વર તરફથી મળેલી સિદ્ધિ લોકોના હિત અને ભલા માટે જરૂર પડે ત્યારે અને ખપ પૂરતી જ વાપરે છે. બાકી ગુપ્ત જ રાખે છે અથવા પાત્ર શિષ્યને એ સાચવીને ઉપયોગ કરવા માટે આપે છે.

આવા સિદ્ધ પુરુષો પોતાની ગાદી વ્યવસ્થા કે પાર જવા માટે ધંધો કરતા નથી. ઈશ્વરની સાધના નિર્લેપ ભાવે કરી માત્ર મુક્તિનો માર્ગ જ બતાવે છે.

### સુવિચાર

- શબ્દ માણસને બાંધનારી જાળ છે, મૌન એમાંથી મુક્તિ આપતો ચમત્કાર છે - **પૂજ્ય મોટા**
- પ્રલોભન એ મોટી નબળાઈ છે એટલે પ્રલોભનની હાજરી હોય ત્યાં ગેરહાજર રહેવાનું મેં શરૂ કર્યું છે. - **પુનિત મહારાજ**
- મનમાં પ્રગાઢ શાંતિ ચિંતાના બાહ્ય કારણોને દૂર કરવામાત્રથી નથી આવતી, પોતાનામાં રહેલા ભરપૂર જળાશયનાં ઊંડાણમાં ડૂબકી મારવાથી આવે છે - **જીવનસૂત્ર**
- બીડું ઝડપ્યું છે તો મૂઠ્ઠીમાં દબાવી રાખો, મુસિબત ઝીલવા સતત છાતી ફુલાવી રાખો..., આપશે માર્ગ સ્વયં ખસીને 'ઘાયલ', છે શરત એટલી કે જુસ્સાને ટકાવી રાખો - **અમૃત ઘાયલ**
- આત્મગૌરવ ભૂલીને મેળવેલી તમામ સફળતાઓ તણખલા સમાન છે. - **હરીન્દ્ર દવે**
- ઈશ્વરને ગુમાવતો નથી એ કશું જ ગુમાવતો નથી. - **સંત તુકારામ**
- તમારો દુશ્મન તમને સતત નિહાળે છે એમ માનીને તમારી જાતનું નિરીક્ષણ કરશો તો તમે જ તમારી જાતના સારામાં સારા મિત્ર બની શકશો. - **જેરમી ટેલર**
- આજનું ઔષધ : મેંદીનાં પાન ચાના પાણીમાં ગરમ કરી ઠંડા પડે ત્યારે માથામાં લગાડવાથી વાળની ચમક વધે છે.

(સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

જીવન વ્યવહારમાં દુખ, આપત્તિ, ટાઢ-તડકો વગેરે દ્વંદ્વને કારણે જ જીવન રસમય અને જીવવા જેવું લાગે છે. માત્ર સુખની શૈયા પર કદી ઉંઘ આવતી નથી, થાક પણ જરૂરી બને છે.

ખેડૂતની પ્રાર્થના સાંભળી ભગવાન પ્રસન્ન થયા. કહ્યું, માગ-માગ... ખેડૂત કહે મેં ઘઉં વાવ્યા છે. આ વર્ષે ટાઢ-તડકો-વરસાદ હું કહું ત્યારે ને એમ જ પડે ! વાવાઝોડાં-પૂર-દુષ્કાળ આવે જ નહીં...

ભગવાને સ્મિત સાથે 'તથાસ્તુ' કહ્યું.

ખેડૂતની મરજી મુજબ એના ખેતર પર કુદરત કામ કરતી રહી, એની આસપાસ બધું નિયમસર થતું.

પાક તૈયાર થયો. ખેડૂતનું ખેત ઊંચા-ઊંચા ઘઉંના છોડથી લચી રહ્યું. લણણી થઈ, પણ આશ્ચર્ય - ડૂંડાં મોટાં મોટાં પણ અંદર ઘઉંનો દાણો જ બંધાયો ન હતો. આસપાસના ખેતરોએ ટાઢ-તડકા સહન કર્યાં તેમાં સરસ ઘઉંના દાણા થયા હતા.

ખેડૂત રડતો રડતો પાછો ભગવાન પાસે ગયો, પૂછ્યું, ભગવાન ! તમે આ શું કર્યું ?

ભગવાન કહે, મેં નહીં તે જ બધું કર્યું, તેનું હવે પરિણામ ભોગવ !

કુદરતી પર્યાવરણમાં તમારી ચાંચ ન મારો...

# સ્મૃતિ ઈરાની ભાવુક બન્યાં

## તંત્રીસ્થાનેથી...

સંસદના બજેટ સત્ર દરમિયાન હૈદ્રાબાદના દલિત વિદ્યાર્થી રોહિત વેમુલાની આત્મહત્યા તથા જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીની વિવાદાસ્પદ ઘટનાની ચર્ચા થાય એમાં ખુદ શાસક પક્ષને જ ફાયદો દેખાતો હતો. એટલે એક તરફ ડાબેરીઓ ગાંધીજીની પ્રતિમા આગળ આ મુદ્દે ધરણાં કરી રહ્યા હતા ત્યારે સંસદભવનમાં માનવ સંસાધન મંત્રી સ્મૃતિ ઈરાની એમની સંપૂર્ણ અભિનયક્ષમતા સાથે બેઉ ઘટનાઓ વિશે વિસ્તૃત બયાન આપી રહ્યાં હતાં. સ્મૃતિ ઈરાની ભલે યુનિવર્સિટીની ડિગ્રી ન ધરાવતાં હોય પરંતુ દેશનાં શિક્ષણમંત્રી તરીકે તમામ યુનિવર્સિટીઓ એમના અધિકારક્ષેત્રમાં આવે છે. એમણે રાષ્ટ્રવાદના મુદ્દે જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીમાં બનેલી ઘટના સામે ખૂબ જ આક્રોશ અને સંવેદનશીલતા દાખવતું ભાષણ કર્યું, જેની સ્વાભાવિક રીતે જ વડાપ્રધાને પણ નોંધ લીધી છે. અલબત્ત, એમણે લાંબું પિષ્ટપેષણ કર્યા વગર એમનાં માનવ સંસાધન મંત્રીએ વિવિધ દસ્તાવેજો રજૂ કરે 'સત્ય' ઉજાગર કર્યું એની પ્રશંસામાં ટ્વિટર પર આટલું જ લખ્યું : સત્યમેવ જયતે. ગૃહમંત્રી રાજનાથસિંહે ગૃહમાં જ જુનિયર કૅબિનેટ મંત્રીના ભાષણનાં મોંફાટ વખાણ કર્યાં, એમને અભિનંદન આપ્યાં અને જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીમાં બનેલી ઘટના વિશે અભિપ્રાય આપવાનું ટાળ્યું. વિદ્યાર્થીઓ પર દેશદ્રોહની કલમ યોગ્ય છે કે નહીં તે નક્કી કરવાનું અદાલત પર છોડવાનું વલણ અપનાવી એક અઠંગ રાજકારણીને શોભે તેવું ટૂંકું નિવેદન કરી તેઓ છટકી ગયા. જ્યારે સ્મૃતિ ઈરાનીએ કોંગ્રેસ શાસન દરમિયાન નિમાયેલા કુલપતિઓનો જ હવાલો આપી પોતે ક્યારેય 'ભગવાકરણ'નો પ્રયાસ કર્યો નથી કે વહીવટમાં દખલઅંદાજી કરી હોવાનું એક પણ કુલપતિ કહે તો રાજીનામું ધરી દેવાની ઑફર કરીને વહીવટ કેટલો પારદર્શક છે, એની પ્રતીતિ કરાવવાનો પ્રયાસ કર્યો. શાળાનાં પાઠ્યપુસ્તકોમાં સામેલ કરાયેલી વિવાદાસ્પદ સામગ્રી કોંગ્રેસ શાસનકાળની હોવાના અનેક દાખલા રજૂ કરીને કોંગ્રેસની નિયત સામે જ પ્રશ્નાર્થો ઊભા કર્યા, બલકે એ માટે ખુદ સોનિયા ગાંધીને જવાબદાર ઠેરવવાનો બાલિશ પ્રયાસ કર્યો. જોકે, સ્મૃતિ ઈરાની રાજ્યસભાનાં સદસ્ય અને બહુજન સમાજનાં બૉસ માયાવતી સામે ઝીંક ન ઝીલી શક્યાં. માયાવતીએ મોદી સરકારની દલિતો પ્રત્યેની નીયત સાફ નહીં હોવાની અને આંબેડકર ભાજપ-આરઍસઍસને ગમતા નહીં હોવાની ધારદાર દલીલ કરી. રોહિત વેમુલાને આત્મહત્યા કરવા દોરી જવા બદલ એમણે સરકારને જ જવાબદાર ઠેરવી. ભાજપ માટે દલિત મુદ્દો ગળાફાંસ બની રહ્યો છે, એથી વારંવાર કેન્દ્રીય મંત્રીઓ અને ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તાઓ રોહિત વેમુલા દલિત જાતિનો નહીં પણ 'ઓબીસી' કક્ષાનો હતો, એવી વાહિયાત દલીલો કરતા રહ્યા છે. કોંગ્રેસના યુવા નેતા સિંધિયાએ આ મુદ્દો ઊઠાવ્યો ખરો, પરંતુ જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી સહિત અનેક યુનિવર્સિટીઓમાં અભિવ્યક્તિની સ્વતંત્રતાના ઓઠા હેઠળ દેશવિરોધી પ્રવૃત્તિઓ ચાલી રહી હોવાની બાબતે કોંગ્રેસે ધ્યાન આપવું જોઈતું હતું એ તો જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીની સુરક્ષાસમિતિનો અહેવાલ જ બોલે છે. સ્મૃતિ ઈરાની પાસે કોંગ્રેસ અને ડાબેરીઓ સામે આ મહત્ત્વનું હથિયાર હાથવગું હોઈ સ્વાભાવિક રીતે જ તેઓ ખૂબ આક્રમક અભિગમ દાખવી શક્યાં છે. રાહુલ ગાંધી દેશદ્રોહી તત્ત્વોને છાવરવા માગતા હોવાની છાપ ઊપસાવવામાં એમની સામે અમેઠીમાં ભાજપનાં ઉમેદવાર તરીકે ચૂંટણી લડી ચૂકેલાં સ્મૃતિ ઈરાનીને ધારી સફળતા સાંપડી છે. હવે કોંગ્રેસ આ મુદ્દે રાહુલ ગાંધીનો કઈ રીતે બચાવ કરશે તે જોવું રહ્યું. સ્મૃતિ ઈરાનીએ હૈદ્રાબાદ યુનિવર્સિટીમાં તોફાની તત્ત્વો સામે કડક વલણ અપનાવવા ખુદ કોંગ્રેસી સાંસદ હનુમંતરાવે લખેલ પત્રનો હવાલો આપી પોતાનો રોહિત વેમુલા પ્રકરણમાં નિર્દોષ ઠેરવવા કોશિશ કરી છે.

# ઝીકા વાઈરસ (ZIKA VIRUS) શું છે?



તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

જ્યોતીન્દ્રભાઈ ખુબ ખીજાયા. અરે, આ મેડીકલ સાયન્સ ને શુ થઈ ગયુ છે. અત્યારે સમય એવો છે કે કોઈને પણ તાવ આવે એટલે મેલેરીયા હશે, ટાઈફોઈડ હશે, કમળો હશે. અને લેબોરેટરીના બધા રિપોર્ટ નોર્મલ હોય તો ડોકટરોને ખબર પડે છે કે નઈ? ભગવાન જાણે. મોટા ભાગના કેસ મા ડોક્ટર કહે છે કે વાઈરલ નો તાવ છે. ૨ - ૩ દિવસ મા ઠીક થઈ જશે. એવુ કહીને દર્દીને ઘરે ધકેલી દે છે. આવું તે હોય.? અને હવે તો વાઈરલ ફીવર મા પણ સાદો વાઈરસ, ડેન્ગ્યુ નો વાઈરસ, ચિકનગુનિયા નો વાઈરસ અને હવે નવો નીકળ્યો છે ઝીકા વાઈરસ .

ડોકટરોને પૂછો કે આ બધા વાઈરસ આવે છે ક્યાંથી? તો તરત જવાબ મળે કે મચ્છરો જયારે માણસ ને કરડે છે ત્યારે તેનામા રહેલા વાઈરસ માણસ ના શરીર મા દાખલ કરી દે છે. થોડા દિવસો પછી માણસ દદી બની જાય છે. એને તાવ આવે છે, ઉધરસ થાય, માથું દુખે, આંખો લાલ થાય, શરીર પર ચકામા પડી જાય. જ્યોતીન્દ્રભાઈ એ ડોક્ટર ને પૂછ્યું કે સાહેબ આ બધા વાઈરસ લઈ ને મચ્છર આવે છે એ ક્યાંથી લઈને આવે છે? ડોક્ટર સાહેબે જવાબ આપ્યો કે લગભગ બધાજ રોગ ના મચ્છર અને વાઈરસ આફ્રિકા માંથી મળી આવે છે. જ્યોતીન્દ્રભાઈ તાડૂક્યા , આફ્રિકા ના નામે લોકોને મેડીકલ સાયન્સ ડફોળ તો નથી બનાવતુ ને? કા'તો ડોક્ટર ને કાઈ ખબર ના પડે એટલે કઈ દે કે વાઈરલ છે. ડોક્ટર સાહેબે જવાબ આપ્યો, જ્યોતીન્દ્રભાઈ એવુ નથી. મેડીકલ સાયન્સ ખુબ આગળ વધ્યું છે. કોઈ પણ પ્રમાણ વગર કશું લખાતું નથી અને ખાલી ગબકોળા હોતા નથી. જ્યોતીન્દ્રભાઈ' બોલ્યા, પહેલા ના જમાના મા વૈધરાજો હાથની નાડી પકડી ને આયુર્વેદિક દવા આપતા અને સારા થયી જતા. તમારા જેમ લેબોરેટરી ટેસ્ટ, એક્સ-રે એવુ કશું કરાવતા ન હતા. ડોક્ટર સાહેબે કહ્યું કે પહેલા ના જમાના મા લોકો ની રોગ પ્રતિકારક શક્તિ ઘણીજ સારી હતી. સાદો પણ શરીર ને અનુકુળ આવે એવો ખોરાક ખાતા હતા.

અને જીભ ના ચટાકા ઓછા કરતા. લોકો જીવવા માટે જમતા. પણ અત્યારે તો લોકો જમવા માટે જીવે છે. જ્યોતીન્દ્રભાઈ બોલ્યા, સાહેબ શુ વાત કરું. મારા ઘરે મારા દીકરા અને એની પત્ની ને બન્ને ને ડેન્ગ્યુ થઈ ગયો. પ્લેટલેટ કાઉન્ટ ૨૦૦૦૦ ની આજુબાજુ થયી ગયો. લેબોરેટરી મા એલાઈઝાથી ડેન્ગ્યુ નો ટેસ્ટ કરાવ્યો અને એ પોઝીટીવ આવ્યો. અમારા ઘર ની તો દશા બગડી ગયી. ઘરમા તો જાણે આખું ઘર મા કોઈએ શ્રાપ આપ્યો હોય એવુ થઈ ગયુ હતુ. ડોક્ટર સાહેબ બોલ્યા, અરે જ્યોતીન્દ્રભાઈ તમે થોડીક કાળજી રાખો તો એમા ગભરાવા જેવુ કઈ નથી. પ્લેટલેટ ને મોનીટર કરો. અને વધારે પ્રવાહી આપો અને ખુબ આરામ કરવો. અને જરૂર પડે તો અને જો તાવ હોય તો તાવ માટે ની પેરાસીટામોલ અપાય. પણ ડોક્ટર સાહેબ આ ઝીકા વાઈરસ શુ છે? ડોક્ટરોએ કમાવા માટે નવો વાઈરસ શોધી કાઢ્યો છે? ડોક્ટરોજ ભેગા થઈ ને આવા વાઈરસ પેદા કરે છે કે શું ? જેમ કહેવાય છે ને કે દવાની કંપનીઓ પોતાની દવા વહેંચવા માટે જાત-જાતના અને ભાત-ભાતના પ્રયોગો કરે છે? ડોક્ટર સાહેબે કહ્યું, એવુ નથી ભાઈ. મેડીકલ સાયન્સ લોકોના હિત માટે છે. મને એ દિવસ બરાબર યાદ છે કે કોલેજ ના છેલ્લા દિવસે ડીગ્રી મળી ત્યારે મને શપથ લેવળાવ્યા હતા કે લોકો માટે મારા અભ્યાસનો ઉપયોગ કરીશ. પૈસા એ બાય પ્રોડક્ટ હશે. જુઓ, જ્યોતીન્દ્રભાઈ ઝીકા નામનો રોગ ઝીકા વાઈરસ થી ફેલાય છે. એ એડીસ નામના મચ્છર થી ફેલાય છે. જે પહેલા યુગાન્ડા મા વાંદરા મા ઉત્પન થયા હતા. વાંદરાને કરડેલો મચ્છર જયારે માણસને કરડ્યો ત્યારે ઝીકા વાઈરસ મનુષ્ય મા દેખાયો. જ્યોતીન્દ્રભાઈએ પૂછ્યું, સાહેબ એમા શું થાય? ડોક્ટર સાહેબે કહ્યું, તાવ આવે, શરીર પર ચકામા થાય, સાંધા ના દુખાવા થાય. લાલ આંખો થાય. સામાન્ય રીતે ૧૦૦ માથી ૨૦ જણાને મચ્છર કરડ્યાના ૨ થી ૭ દિવસ મા એના લક્ષણો દેખાય છે. જેમ ચિકનગુનિયા અને ડેન્ગ્યુ મા મચ્છર કરડે છે તેવી રીતે દિવસે અથવા રાતે આ મચ્છરો કરડે છે. સામાન્ય રીતે ઝીકા વાઈરસનુ પ્રમાણ વધારે હોય છે એ વિસ્તારમા જવાથી ઝીકા વાઈરસ ની ફેલાવાની શક્યતાઓ વધે છે. જ્યોતીન્દ્રભાઈ હજુ આપના ભારતમા ઝીકા વાઈરસ ના દદીઓ દેખાતા નથી.પણ જયારે ભારત મા આવશે ત્યારે ડેન્ગ્યું, ચિકનગુનિયા કરતા પણ વધારે કાળો કેર વરસાવે છે. બ્રાઝીલ, અમેરિકા, આફ્રિકા મા ઝીકા એ સારો એવો કેળ વરતાવ્યો છે. હજુ સુધી ઝીકા ની રસી શોધાઈ નથી એટલે આપને આપની જાતેજ ચેતતા રહેવુ જોઈએ. જ્યાં ઝીકા વાઈરસ નો ફેલાવો છે ત્યાં ના જવું જોઈએ. લાંબા કપડા પહેરવા જોઈએ. એર-કંડીશર વાળા વાતાવરણ મા રહેવુ જોઈએ. મચ્છરો ઘર મા ન પ્રવેશે એનુ ધ્યાન રાખવુ જોઈએ. જ્યા ચોખ્ખુ પાણી ભરાઈ રહેતુ હોય એવી જગ્યાયો દૂર કરવી જોઈએ. જ્યોતીન્દ્રભાઈ બોલ્યા પણ સાહેબ આની દવા તો હોય ને? ડોક્ટરે કહ્યું, હજુ સુધી ઝીકા ની કોઈ દવા શોધાઈ નથી. પુષ્કળ આરામ કરો. વધારે પડતો પ્રવાહી ખોરાક લો. જરૂર પડે તો દૂખાવાની અને તાવ ની દવા લો. અને હા, લોહી પાતળું કરવાની દવા જેમકે ASPIRIN ન લેવી. કારણકે ઝીકા

અનુસંધાન પાના નં. ૭ પર

# ધન્વંતરી તથા વરાહમિહિર કોના શાસનકાળમાં થઈ ગયા?



ખજાનો

અનિલ પટેલ

### ભારતીય અર્થવ્યવસ્થા

(૧) રીઝર્વ બૅન્કના પ્રથમ ગવર્નર કોણ હતા ?
(અ) ઓનબોર્ન સ્મિથ (બ) કે જે ઉદેશી
(ક) આઈ જી પટેલ (ડ) જી કે ત્રિવેદી

(૨) ભારતની પ્રથમ સરકારી બૅન્ક કઈ છે ?
(અ) પંજાબ નેશનલ બૅન્ક (બ) બૅન્ક ઑફ ઈન્ડિયા
(ક) સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા (ડ) યુકો બૅન્ક

(૩) દેશના કયા રાજ્યમાં કોઈ ક્ષેત્રીય ગ્રામીણ બૅન્ક નથી ?
(અ) દિલ્હી અને કાશ્મીર (બ) મિઝોરમ અને અરૂણાચલ
(ક) મણીપુર-આસામ (ડ) ગોવા અને સિક્કિમ

(૪) ભારતમાં નીચેના કયા સ્થળે સિક્કાઓ માટેની ટંકશાળ નથી ?
(અ) મુંબઈ (બ) કોલકાતા (ક) હૈદરાબાદ (ડ) ચંદીગઢ

(૫) સિક્યુરિટી પેપરમીલ, હોશંકાબાદ (મધ્યપ્રદેશ)માં શાનું પ્રિન્ટીંગ થાય છે ?
(અ) ટપાલ ટિકીટ (બ) નોન જ્યુડિશિયલ સ્ટેમ્પ
(ક) ચલણી નોટો (ડ) સરકારી દસ્તાવેજો

(૬) ભારતમાં વિદેશી ચલણનો સૌથી મોટો હિસ્સો શામાં ખર્ચાય છે ?
(અ) પેટ્રોલિયમ પદાર્થોની આયાત (બ) સોનાની આયાત
(ક) યુરેનીયમની આયાત (ડ) ઈલેક્ટ્રૉનિક્સ વસ્તુઓની આયાત

(૭) નીચેનામાંથી કયા સ્થળે સેબીનું પ્રાદેશિક કાર્યાલય નથી ?
(અ) મુંબઈ (બ) દિલ્હી (ક) ચેન્નઈ (ડ) કોલકાતા

(૮) આઉટકમ બજેટ સૌ પ્રથમ કોણે રજૂ કર્યું હતું ?
(અ) એચ એમ પટેલ (બ) પી ચિદમ્બરમ
(ક) મનમોહન સિંહ (ડ) વેન્કૈયા નાયડૂ

(૯) કેન્દ્ર સરકારે કઈ બેન્કની સહાયથી રૂરલ નોલેજ સેન્ટર સ્થાપ્યાં છે ?
(અ) દેના બેન્ક (બ) યુકો બેન્ક
(ક) નાબાર્ડ (ડ) બેન્ક ઓફ ઈન્ડિયા

(૧૦) બ્લેક મની (કાણા નાણાં) પર અંકુશ લાવવા માટે ભારત સરકારે હજાર રૂપિયાની નોટ પર ક્યારે પ્રતિબંધ મૂક્યો હતો ?
(અ) ૧૯૭૫ (બ) ૧૯૭૮ (ક) ૧૯૮૦ (ડ) ૧૯૮૨

(૧૧) રાષ્ટ્રીય શેર બજારનું મુખ્યાલય ક્યાં આવેલું છે ?
(અ) નોએડા, દિલ્હી (બ) વર્લી, મુંબઈ
(ક) કોલકાતા (ડ) હૈદરાબાદ

(૧૨) નાણાંપંચની રચના માટે ક્યારે કરવામાં આવી હતી ?
(અ) ૧૯૪૭ (બ) ૧૯૪૮ (ક) ૧૯૫૦ (ડ) ૧૯૫૧

(૧૩) પર્યાવરણને નુકસાન ન પહોંચાડે તેવી પેદાશો પર લગાડવામાં આવતા પ્રતીક ચિન્હને શું કહે છે ?
(અ) ઈકો માર્ક (બ) ગ્રીન માર્ક (ક) સેફટી માર્ક (ડ) હેલ્થ માર્ક

(૧૪) બૌદ્ધિક સંપત્તિ અપીલ બોર્ડનું મુખ્યાલય ક્યાં આવેલું છે ?
(અ) મુંબઈ (બ) જયપુર (ક) ચેન્નઈ (ડ) ગૌહતી

(૧૫) શંકરલાલ ગુરૂ સમિતિ શાને લગતી છે ?
(અ) કૃષિ બજાર (બ) શેર બજાર
(ક) હાર્ડવેર બજાર (ડ) દવા બજાર

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૨૬ ફેબ્રુઆરી ૧૯૬૪ જહોન એવરશેડ. ઈંગ્લિશ ખગોળશાસ્ત્રી. સૂર્યકલંકો વિશે વિશેષ અભ્યાસ કરનાર. એવરશેડ ઈફેક્ટ થિયરી આપનાર.
- ૨૬ ફેબ્રુઆરી, ૧૮૫૭ અમીલ કોઝ. ફ્રેન્ચ ફાર્માસીસ્ટ, તેઓ તબીબ ન હોવા છતાં ૧૯૨૦માં તેમણે ક્લીનિક શરૂ કર્યું હતું.
- ૨૭ ફેબ્રુઆરી ૧૯૦૪ યુલી બોરીસોવીચ કાર્ટીયોન. રશિયલ ભૌતિકશાસ્ત્રી. રશિયામાં અણુકાર્યક્રમોને વેગ આપનાર વૈજ્ઞાનિક
- ૨૭ ફેબ્રુઆરી ૧૮૯૯ ચાર્લ્સ બેસ્ટ. અમેરિકન-કેનેડિયન ફિઝીયોલોજીસ્ટ. ૨૨ વર્ષની વયે ડાયાબિટીસને ઈન્શ્યૂલિન કંટ્રોલ કરે છે તેવું શોધનાર.
- ૨૮ ફેબ્રુઆરી ૧૯૩૯ ડેનીયલ સી તુસી , ચાઈનીઝ-અમેરિકન ભૌતિકશાસ્ત્રી. ૧૯૯૮માં નોબલ પારિતોષિક વિજેતા. પાવરફુલ મેગ્નેટીક ફિલ્ડમાં ઈલેક્ટ્રોન હોય છે તેવું સાબિત કરનાર.
- ૨૮ ફેબ્રુઆરી ૧૯૩૦ લીયોન એન કૂપર. અમેરીકન ફીઝીસ્ટ. ૧૯૭૨માં સુપરકન્ડક્ટીવીટી થિયરી આપવા બદલ નોબલ પારિતોષિક મેળવનાર
- ૨૮ ફેબ્રુઆરી ૧૯૧૬ ઓડલી બોવલ્ડર વિલિયમસન. બ્રિટીશ સંશોધક તથા સ્કીન કેર પ્રોડક્ટના ઉત્પાદક. 'સ્વરફેગા'
- ૧ માર્ચ, ૧૯૧૪ આઈ બર્નાડ ચોહુન, અમેરિકન સાયન્સ હિસ્ટોરિયન. અમેરિકાના પ્રથમ વ્યક્તિ જેમણે ઈતિહાસમાં પીએચડીની ડિગ્રી મેળવી.
- ૧ માર્ચ, ૧૯૧૦ એચર માર્ટીન. ઈંગ્લિશ બાયોકેમીસ્ટ. પેપર પાર્ટીશન કોમેટ્રોગ્રાફીની શોધ બદલ ૧૯૫૨માં નોબલ પ્રાઈઝ
- ૨ માર્ચ, ૧૯૦૨ એડવર્ડ યુ કોન્ડોન, અમેરીકન ભૌતિકશાસ્ત્રી. રડારની સૈધ્ધાન્તિક સમજ આપનાર વૈજ્ઞાનિક.
- ૨ માર્ચ, ૧૮૮૭ હેરી ઈ સોર્ફ. અમેરિકન ઈન્વેન્ટર. માસ્ટર લૉક કંપનીના સ્થાપક. લેમીનેટેડ સ્ટીલ પેડલોક બનાવનાર.
- ૩ માર્ચ, ૧૮૯૮ એમીલ આર્યન. ઓસ્ટ્રો-જર્મન ગણિતશાસ્ત્રી. એલ્બેરીક નંબર થિયરી પર કામ કરનાર.
- ૩ માર્ચ, ૧૮૮૩ સર સાયરીલ બર્ટ. બ્રિટીશ સાયકોલોજીસ્ટ. સ્ટેટીસ્ટીક ડેટા એનાલિસીસની પધ્ધતિ વિકસાવનાર
- વિશિષ્ટ દિવસ ૨૮ ફેબ્રુઆરી. રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ. ભારતના મહાન વૈજ્ઞાનિક ડૉ. સી વી રામનને રામન કિરણોની શોધ બદલ ૧૯૩૦માં નોબલ પારિતોષિક મળ્યું હતું. ૨૮ ફેબ્રુઆરી, ૧૯૨૮માં તેમણે આ શોધ કરી હતી. આ દિવસને યાદ કરીને દેશમાં ૨૮ ફેબ્રુઆરીએ વિજ્ઞાન દિવસ ઉજવાય છે.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : ભારત સરકારના કેન્દ્રીય રેલવે પ્રધાન કોણ છે ?**

**જવાબ : સુરેશ પ્રભુ**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ, ૧૨૨૨/૨, સે. ૭ડી, (૨) જયેન્દ્રપ્રસાદ એન પાઠક, ૬૨૦/૨, સે. ૬બી, (૩) ગુંજન એ મકવાણા, ન્યૂ ગાંધીનગર, (૪) નટુભાઈ દરજી, પેથાપુર (૫) રેખા એમ જાદવ, સે. ૩૦, મૂળજીભાઈ પરમાર, સે. ૭બી, (૬) ઊર્મિલાબેન જે પાઠક, સે. ૬બી

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)


**રાષ્ટ્રદ્રોહના મામલે જેએનયુના કયા અધ્યાપકની ધરપકડ કરવામાં આવી છે ?**

**'ગાંધીનગર સમાચાર'-ખજાનો વિભાગ,**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧૨) ડ (૧૩) અ (૧૪) ક (૧૫) અ
(૧) અ (૨) ક (૩) ડ (૪) ડ (૫) બ (૬) અ (૭) અ (૮) બ (૯) ક (૧૦) બ (૧૧) બ

# શંકરની શંકરને પ્રાર્થના







અમર વારસો

ડો. રશ્મિકાન્ત મહેતા

સંસ્કૃતના સ્તોત્ર સાહિત્યમાં શંકરાચાર્ય (ઈસ ૭૮૮-૮૨૦)નું મોટું પ્રદાન છે. એમણે ૬૪ સ્તોત્રોની રચના કરી છે. આમાંનું એક 'શિવાનંદલહરી' છે. શિવને પ્રાપ્ત કરવાથી હૃદયમાં આનંદની લહરી ઊઠે છે. આમાં સો શ્લોકો છે, એથી આ શતકાવ્ય છે. આવું બીજું ઉદાહરણ ભર્તૃહરિનું 'નીતિ શતક' છે. શિવાનંદલહરીમાં સાંગીતિક લયની મધુરતા છે તેથી આ લહરીકાવ્ય છે. આવું બીજું ઉદાહરણ જગન્નાથની ગંગાલહરી છે.

શંકરાચાર્યની ભગવાન શંકરને પ્રાર્થના આ રીતે છે ૐ

પાર્વતી અને શિવ પ્રત્યેનાં મારાં પ્રણામ મારાં હૃદયમાં રહો. મારાં ચિત્તનાં સરોવરમાં રહેલી શિવપ્રાપ્તિના આનંદની લહરીનો વિજય થાવ. પોતાનું ચિત્ત તમને સમર્પિત કરીને સુખેથી રહેવાનું માણસને કેમ સૂઝતું નહીં હોય ?

જો કોઈ પોતાનાં હૃદયનું કમળ તમને સમર્પિત કરી દે, તો તમે એમનાં થઈ જાવ છો અને એના સંસારનો ભાર ઊઠાવી લો છો. પોતાનાં અંત-કરણને તમારાં ચરણોમાં રાખવું એ જ યોગ છે, હું દીન છું અને તમે દીનને સાચવી લેવામાં કુશળ છો. મારા અપરાધોને માફ કરીને પણ તમારે મને સાચવી લેવાનો. તમને મારી ઉપેક્ષા તો નથી ને ? તમે મારાં હૃદયને ભક્તિથી મજબૂતપણે બાંધીને તમારે આધિન કરી લો.

હે વિભુ ! તમે મારાં ચિત્તની કુટિરમાં પાર્વતી સાથે આવીને વસો અને મને સેવા કરવાની તક આપતા રહો. મારું ચિત્ત તમને આધિન કરી દઉં, પછી હું અપરાધ વગરનો થઈ જાઉં. મારા ઉપર કૃપા કરો. તમને નહિ જોઈ શકવાનું દુખ હવે મારાથી સહન નહિ થાય. હું ક્યારે કૈલાસમાં તમારી સામે મસ્ત કે અંજલિ કરીને ઊભો રહીશ ? તમને ધરવા માટે મારી પાસે મારું જ મન છે.

તમે વિષને ગળામાં જ રાખ્યું. આ્ત્યંત ઉપકારક કાર્ય છે. હે મહાન આત્મા ! તમે આ કઈ રીતે કરી શક્યા ? મારે બીજું કાંઈ જાણવું નથી. તમે મારા પર અંતરંગ છો. હું તમારો સેવક છું. પછી મારે કોઈપણ પ્રકારનો ભય કેવો ?

હે મૃત્યુંજય ! મને સમજાવો, ચૂપ ન રહો. હે દુર્ગપ્રેમી દેવ ! મારા મનોદુર્ગમાં નિવાસ કરો. હું પ્રથમ શિકારી ! મારાં મનનાં જંગલમાં ઈર્ષા વગેરે પશુઓ છે, તેને હણી નાખો. તમારાં ચરણોરૂપી માળામાં મારા મનનું પંખી સ્થિર થઈ જાય.

ત્રણેય જગતનાં રક્ષણમાં રોકાયેલા તમને પ્રણતિ. મારા જન્માન્તરોના પુણ્યની તાકાતથી તમે મારામાં અંતર્યામી છો. હે પાપનાશક ! પણ મારો અંધકાર એટલો ગાઢ છે કે તમે મને દેખાતા નથી.

મોઢાનાં કોગળાનાં પાણીથી વનવાસી તમને અભિષેક કરે તો પણ એને તમે શ્રેષ્ઠ ભક્ત માનો છો. હે શંભુ ! તમે મારા કોમળ મનની પાદુકાઓથી ફરવાનું સ્વીકારો.

હે વૃષભના અસવાર ! હવે અશ્વ જેવા મારા મન ઉપર સવારી કરીને ફરો. તમારી ભક્તિ, જેના મનને સંતોષથી ભરી દે એનું જીવન ધન્ય થયું. તમે તમારાં ચરણો મને જોવા દો, અને હું મારે હાથે દબાવી આપું.

હે ઉમાપતિ ! જે તમારી પૂજા કરે છે, તેને મુક્તિ મળે છે. હે ચન્દ્રમૌલિ ! તમારી પૂજા કઈ રીતે કરવી એ હું જાણતો નથી. હે શંભુ ! તમે મને જે કાંઈ આપો, મારે શા ખપનું ? તમારી ભક્તિ જ આપો.

હે ગૌરીપ્રિય દેવ ! કલ્યાણકારી કન્યા જેવી આ મારી કવિતા છે, એનો તમે સ્વીકાર કરો. મારી આટલી સ્તુતિ જ પૂરતી છે. શંકરાચાર્યની આ સ્તુતિમાં શિવજીને પામવા માટેનો ભક્તહૃદયનો તલસાટ છે.